કવી તાનસેન મીરાંબાઈ સુરદાસકૃત ભક્તિનાં

પ્રભાતીયાં 20

શોખીલા સજ્જનોને માટે.

III — 6-9-1923

છપાવી પ્રસિદ્ધ કર્તા, Reg. No

શા. મંગળદાસ લલ્લુભાઈ નારણદાસ બુકસેલર.

લીમડાચોક—સુરત.

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ"
પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦
સંવત ૧૯૭૯ સને ૧૯

શ્રી

પ્રભાતીઆં

પ્રભાતીયું ૧ લું.

પરભાતના પહોરમાં દીઠા ઠાકોરમા, ઠીક ઠાકોરશું મન મોહ્યું;
રણછોડરાય છે જકત જોવા જાય છે, ગોમતી ગંગમાં અંગ ધોયું ૫
ગોમતી ઘાટમાં ભજ્યા પ્રભુ વાટમાં, સેજમાં શામળે સામું જોયું?
નરહરી નરખીયા પ્રેમથી પરખીયા, પલકઘડી એકમાં પાપ ખોયું ૫.
દરશન દેખાડીયાં ચઉદ રત્ન કઢાડીયાં, કામધેનુ ગાયનું દધ દોયું;
દેવકી વાતમાં સાધુ સાથમાં. નાગને નેત્રે નીર વહે
બોડાણોજી લાવીયા ડંકપુર આવીયા, સરવના મનમાં શુભ સંધ્યું.
સ્વામી આશાગામના નવખંડે, શામળે ચિત્તમાં ચિત્ત પ્રોયું. ૫

પ્રભાતીયું ૨ જું.

રાત રહે જ્યારે પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સુઇ ન રહેવું;
નીદ્રાને પરહરી સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું. ૨
જોગીયા હોય તેણે જોગ સંભાળવા ભોગીઆ હોય તેણે ભોગ તજ
વેદીયા હોય તેણે વેદ વીચારવા, વઇષ્ણુવ હોય તેણે કૃષ્ણ ભજવા.
સુકવી હોય તેણે સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કર
... એ કંથને પુછવું. કંથ કહે તેનો ચીત ધર
... રમ સભાળવા. કર્મનો મર્મ લેવો વિચા.
... શ્રી સમરતાં, ફેર નવ અવતરે નરને નારી.

... ૩ જું.

... વમાં અટપટા ભોગ ૯
... પાણે;

ફુલને ફળ તેતો વૃક્ષના જાણવાં, થડથકી ડાળ તો નહીરે અળગી. જા.
વેદ તો એમ વદે શ્રુતી સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વીશે ભેદ ન હોય,
ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવા અંતે તો હેમ હેમ હોયે. જા.
જીવને શીવ તો આ પ્રચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધી,
ભણે નરસૈયો તેજ તું તેજ તું, એને સમર્યાથી કંઇ સંત સીધ્યા. જા.

પ્રભાતીયું ૪ થું.

ઉઠ ઉતાવળો ચાલ્ય તું વીઠલા, ગોવીંદ ગાય વચ્છ ધાવે,
જાગને જાદવા જનની જસોદા વદે કુઠાન કાં તને નીંદ્રા આવે ઉઠ.
દત્તાધાવન કરી આળસ પરહરો, રજની વીતી ગયું પહોર ફાટયું
ફુરને કરમલો સોનસીરાવતો, દહીરે દામોદરા થાય ખાટું ઉઠ.
બારણા બાહાર બલીભદ્ર ઉભા રહ્યા, જોરે વાહાલા તારી વાટ જુવે;
નરસૈયાના સ્વામીનું મુખડું દીઠે મનડું અતીરે મોહે.

પ્રભાતીયું ૫ મું.

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મુજને બાળહત્યા લાગશે; ટેક.
કહેરે બાળ કાં મારગ ભુલ્યો, કે તારા વેરીએ વળાવીઓ;
નીશ્ચે તારો કાળજ ખુટયો અહીંઆ તે શીદ આવીયો. જળ.
નથી નાગણ હું મારગ ભુલ્યો, કે મારા વેરીએ વળાવીઓ,
મથુરા નગરીમાં જુગટું રમતા નાગનું શીશ હારીયો, જળ.
રંગે રુડો રુપે પુરો, દીસતો કોડીલ કોડામણો.
તારી માતાએ કેટલા જનમીયા તેમાં તું અળખામણો. જળ.
મારી માતાએ બેઉ જનમીયા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કહાનડો. જળ.
લાખ સવાનો મારો હાર આપું, આપુંરે તુજને દોરીઓ;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને કરી ચોરીઓ, જળ.

શું કહું નાગણુ હાર તારો, શું કહું તારો દોરીઓ,
શાને કાજે નાગણુ તારે કરવી ઘરમાં ચોરીઓ. જળ.

ચરણુ ચાંપી મુછ મરડી નાગણે નાગ જગાડીયો.
ઉઠને બળવંતા કોઈ બારણે બાળક આવીયો. જળ.

બેઉ બળીયા બાથે વળીયા, કૃષ્ણે કાળીનાગ નાથીઓ.
સહસ્ર ફેણુ ફુંફવે જેમ ગગન ગાજે હાથીઓ. જળ.

નાગણુ બહુ વિલાપ કરે છે, નાથને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લઇ જશે, પછી નાગનું શીશ કાપશે. જળ.

બેઉ કરજોડીને વીનવે સ્વામી, મુકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને. જળ.

થાળ ભરી સંગ મોતીએ શ્રી કૃષ્ણુને વધાવીઓ,
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાથ છોડાવીઓ. જળ.

પ્રભાતીયું ૬ ઠું.

જદુપતિ નાથ યે મીત્ર છે તમતણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીતી પુર્વ તણી હેત ધરશે હરી, મનના મનોરથ સફળ થાશે. જદુ.

ઘેર બાળક સહુ દુઃખ પામે બહુ, અન્ન વસ્ત્રથી રહે છે ઉણા;
નીરધન સરજીના પુણ્ય કીધા વીના, કરમના દોષ તે આવી પુગ્યા. જદુ.

જદુપતી જાદવ ભકતી વશ સાધવા, કરશે કરૂણા પ્રભુ દીન જાણી.
ગોમતી સ્નાનથી કોટી અંઘ નાશે. નીરખતા કૃષ્ણને પ્રેમ આણી. જદુ.

કૃષ્ણુને હળી મળી સીક આવે વળી, જાણસે દુઃખ અંતરજામી;
વાતતો મન ધરો આળસ પરહરો, સહાય થાશે નરસૈયાના સ્વામી. જદુ.

પ્રભાતીયું ૭ મું.

સાંભળો ભામની કાન ધરો કામની, કૃષ્ણ કહ્યું તું કરજો પાણી;
ત્રીભુવન નાથ તે મહાપતી માધવા, કેમ ભોલામ ભો વાત ચાણી;
દીવસ ઝાઝા થયા બાળપણુને ગયા, રાખનિ નવ જાણે પ્રીત જુની.

દુરબળ રંક હું ભીક્ષુક બાપડો, નવ લહુ ચોકસી ચુની. સાં.
ઉગ્રસેન અક્રૂર ઉદ્ધવ છે ત્યાં બળીભદ્રને અનીરૂદ્ધ પાસે;
કોટી યોદ્ધા જ્યાં હું ઉભો રહીશ ક્યાં, કોણ આવી મહારો હાથ સ્હાશે. સાં.
જડી રત્ન મણી કાન્તી ભાસે ઘણી, તીમીર નાવે તેની જ્યોત પાસે
ત્યાં કેમ બોલી શકું વણ વદતો થતો ધમણ ધમણ રહુ શ્વાસોશ્વાસ સાં.
માનુની બેસી રહો સુખદુ:ખ સહુ સહો ભોગવો કરમ જે ભાગ્ય ચોટયું;
હરીજન લોક તે છોને લવતા રહે, નરસઇના સ્વામીનું બીરદ મોટું.

પ્રભાતીયું ૮ મું.

સ્વામી સાચું બોલવું નવ રહ્યું હંસના વચન વેદ વાણી,
ભવતણું નાવ તે ભક્તિ સુંદર તણી, તે હું પ્રીછવું સ્નેહ આણી. સ્વા.
નથી હરી વેગળા ભક્તિ ભાવે મળ્યા, રાયને રંક તે એક ઘટે;
લખપતિ કોટી મન માણો રતી, શુક સરખા ત્યાં નથી રે શાહે. સ્વા.
બ્રહ્માણ્ય દેવ શ્રી કૃષ્ણજી, નીજ જન જાણીને શુધ લેશે;
પ્રીતની રીત હે જાય નહી વીસરી, બાળલીલા તણાં ચરીત્ર કહેશે સ્વા.
નથી કાંઈ ઓઢવા ભેટ લઇને જવા, કેમ ધરી જાણસે કૃષ્ણ કામી;
મીત્રથી આપણા કુળને લજાવશે, નીરખતાં લાજે નરસઇના સ્વામી. સ્વા.

પ્રભાતીયું ૯ મું.

વીનતી વળી કહું ભેટ આપી દઉં, પોતીએ તાંદુલ ગાંઠ બાંધી.
જાણશે થોડે ઘણું, ભાવે ભોજન ઘણું ધન્ય તે કૃષ્ણશું સ્નેહ સાધે વી.
ભીલડીતાં બોર તે ભાવે આરોગીયાં, જુઠું અન્ન આહીરનું લીધું;
ભક્ત વીદુરની ભાજી ભાવે જમવા, ભુપનું નોતરૂં પાછું દીધું. વી.
પેરે પેરે પાંડવ કષ્ટ નીવારીયા, ભક્ત કારણ કંઇ દુષ્ટ માર્યાં.
ઉચ્ચ નીચ મને છે પારખું, પતીત અધર્મી કંઇ કોટી તાર્યાં, વી.

ભક્તિ નથી વીઠલો સંત સાચા મળ્યા સમોવટને નવ સુક ઠાણે,
સત સ્મરે ત્યાં આવી ઉભો રહે, ભક્તના મન તણો ભાવ જાણે. વી.
ઋતુએ ભગે ફરી નીરખો મુક્તાપુરી ધન્ય ધન્ય તારૂણી સ્નેહ ન્યાળી
નરસઇયાના નાથને નીરખો નિશ્ચય કરમનીએ કંથને બાથ ઝાલ્યાં. વી.

પ્રભાતીયું ૧૦ મું.

ચાલીઓ વાટમાં ધ્યાનના ઘાટમાં, મીત્ર મોહન તણું નામ લેતો;
ધન્ય એ નાર એ અવતાર સફળ કર્યો કૃષ્ણ મુખ એમ કહેતો,
માગ્યું મૃત્યું પ્રમાણુને પ્રાણી છે, લોભ કીધે તહાં પ્રીત તુટે;
કહ્યું મેં અબળા સુખે બેસી રહો, માગતે તો બધો ભરમ તુટે;
માગ્યું મે નથી શુ મુખે કથી, ભોગવું કર જે ભાગ્ય લાગ્યો;
શ્રીપતિ નાથે મને સમજાવીયો, કહેતાં એમ દ્વિજદ્વાર આવ્યો.
આવી ઉભા રહ્યો કંઠ ગદગદ થયો, કોટી સુરજથી જ્યોત ભાસે;
ફિર દયા આણીને હરિજન જાણીને, પંગીઓએ જઈ કહ્યું કૃષ્ણ પાસે.
મંદીર તેડયા ચાલીને બેટીયા, ત્રીવીધનાં તાપ તે સર્વ નાઠાં
દેખને સિંહાસને લઇ બેસારીયાં, વાળતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં;
તેલ ફુલેલ મરદન કરાવીયા, શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકની પાવડી ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણોદક શીશ લીધું.
પુતીલ પીતામ્બર પહેરવા આપ્યું કનકના થાળે પકવાન દીધાં;
કૃષ્ણ પલંગપર પોતે પધરાવીયા રૂક્ષ્મીસુતા વીંજણે વાયુ ભરતો;
સત્યભામાદિક નારી નીરખી રહી, નરસિંયાનો નાથ પદ સેવા કરતો.

પ્રભાતીયું ૧૧ મું.

ધ્યાન ધર હરી તણું અલ્પ મતી આળસુ, જે થકી જન્મના દુઃખ જાએ;
અક્ષર ધર્યો હું અર્થ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વાહાશે

સકળ કલ્યાણ શ્રી કૃષ્ણના ચરણમાં શરણ આવે સુખ પાર ન હોયે.
અવર વેપાર તું મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ રાખ મન માહે ધ્યાન.
પટકય મારા પરી અટકય ચરણે હરી, લાટક્યમાં વાત સુણતાંજ સાચી.
આસનું ભજન આકાશ સુધી રચ્યું, મુઢ એ મુળથી ભીંત કાચી. ધ્યાન.
અંગ જોબન ગયું ચગીત પીંજર થયું, તોય નથી મેતો કૃષ્ણ કહેવું;
ગતરે ચેત દીન ચાર છે લાભના, લીંબુ લરકતાં રાત લેવું ધ્યાન.
સરસ ગુણ હરીતણા જે જનો અનુસર્યા, તે તણા સુજસતો જગત બોલે;
નરસીના રંકને પ્રીતપ્રભુશું ઘણી, અવર વેપાર નહી ભજન તોલે. ધ્યા.

પ્રભાતીયું ૧૨ મું.

હરિ હરિ રટન કર કઠણ કળી કાળમાં, દામ બેસે નહી કામ સરશે;
ભક્ત આધીન છે શ્યામ સુંદર સદા, તે તારાંજ કારજ સીધ્ધ કરશે.
અલ્પ સુખ કારણ શું મુઢ કુલ્યો ફરે, શીશપર કાળ રહ્યો દંત કરડે,
પામર પલકની ખબર પ્રજને નહી, મુઢ શું જોઇને મુછ મરડે.
મોઢે પાપે કરી બુદ્ધી પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
પ્રપચ પરહરો સાર હૃદયે ધરો, ઉચરો હરી મુખ આગળ વાણી.
દાસને દાસ થા નહી ગુમાવ આપણું અવગુણ રહ્યો અળગો;
નરસૈયા હરી તણી ભક્તિ ભુલીશમાં ભક્તિવિના બીજું ધુળધાણી. ૯.

પ્રભાતીયું ૧૬ મું.

ધન્ય ધન્ય તું રણછોડજી, દીન જાણી મને માન દીધું:
ન મુજ જાગતે ભોગ પોઢે ચાડીઆ, આજ અમરીષથી અધીક કીધુ;
કનકને આસને મુજને બેસારીઓ, રૂક્ષ્મણી કૃષ્ણનો હાથ સહાન
હેત કરી હરી ચરણ ધોવીઆ, અડરસ ભોજનજ ખાંતે ખાતાં
બાળપણા તણો સ્નેહ મન વીસર્યો મીત્ર મોહન તણી પ્રીત સાચી,
હેતથી હળી મળી માન દીધું મને રંક બેસારીયો કનક માચી,

ધન્ય કૃષ્ણજી સંત સેવા કરી ધ્યાન ધરતો હું નીજ દ્વારે આવ્યો;
રત્ન જડીત મણીમય શોભા ઘણી, દીવશું દ્વારીકા માંહી આવ્યો.
કનકની ભૂમી રત્નના થાંભલા, અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાનને પાન વીહાર સ્થાનક ઘણા, કામની નીર્ખતા રામ દીસે;
સપ્ત નવવરસની દીઠી ત્યાં સુંદરી, ધર્યાં, દેવ વીજુતથી રહ્યા નીહાળી.
સોળ શણગાર તે અંગ સુંદર ધર્યાં દેવ વીજુત્થી રહ્યા નીહાળી.
સહસ્ત્ર દાશી મળી ખાસ વીંટી વળી કામની કંથ પાસે આવી,
સ્વામીરે સ્વાની હું છું દાસી તમતણી, આસોમંદીર વીશે પ્રેમ આણી.
ગોમતી સ્નાન કરી કૃષ્ણજી નીરખીયા પુન્ય પ્રગટ થયું પાપ નાઠું;
તે થકી સ્મૃદ્ધિ આ સકળ સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય નાઠું.
કૃષ્ણ કહેતાં તે નિજ ધામ પધારીયા, નવલ જોબન જ્યાં નરને નારી
વીનતી ઉચ્ચરતા રજની વીતી ગઇ, નરસૈયાના સ્વામીની પ્રીત ભારી

પ્રભાતીયું ૧૭ મું.

નંદના નંદના નંદશું જેને ભજ્યા નહી, તે ર માનવા ખર શ્વાન તોલે;
ભુતળ ભાર કરવાને એ અવતર્યાં પ્રેતની પેરે સંસાર ડોલે. નં.
દૃષ્ટિ થકી ટળે ભોગ તેના બળે, સૈલ્ય પડો તેની સુખ માથે;
જીવતાં જન તેતો જમ જેવા જાણવા, પ્રિત નહી તેને કૃષ્ણસાથે નં.
કીર્તી કૃષ્ણની જીભથી નવ ભણી, તેહ મુખે દેવરાય તાણુ,
ભણે નરસૈયો જેણે હરીને જાણ્યા નહી, તેનું કુટુંબ સહાય કાસું;

પ્રભાતીયું ૧૮ મું.

પ્રેમરસ પીને તું મોરના પીંછીધર તત્વનું ટુપણ તુચ્છ લાગે;
દુબળા ઢોરનું કુશકે મન ચળે, ચતુર્ધા મુક્તિ તારી ના માગે.
પ્રસન વાલ પરીક્ષા કિધ્યા નહી, શુકજીએ સમજીને રસ સંતાડયો;

જ્ઞાન વઇરાગ્ય કરી પ્રભુ પુરા કર્યા મુકતીનો મારગ સીધો દેખાડ્યો.
મારીને મુક્તિ આપી ઘણા દઇત્યને જ્ઞાની અજ્ઞાની બહુ મુનીરે જોગી,
પ્રેમને ભેટતાં વ્રજ તણી ગોપીકા અવર વીરલા કોઇ ભકત જોગી.
પ્રીતને મુક્તિનો પરમ વલભ સદા, હેતુના જુગતે પેનુ તુટે;
જન્મોજન્મ લીલારસ ગાવતા, વહાણુનાં વહાણુ જેમ દવાર છુટે.
મે ગ્રહ્યા હાથ ગોપીનાથ ગરવ ઘણો, અવર બીજુ કઇએ ન મારૂ
નરસઇયો મહામતી ગાય છે ગુણ કથી જતી સતીને તો સ્વપ્ને ન આવે

પ્રભાતીયું ૧૯ મું.

બળીતણે દ્વાર હરી વીપ્ર વાણ્યુ ન સુવા જેને જોઇને ધનુ ગાઇ ગગન ગાજી
ઇંદ્રપ્રસ્તથી બળી આવ્યો કુતાવળો, જેને જોઇને તે દીજ લોને વિચારી.
એક પરણ કુટી તણો ઠામ ભણવા કરૂં બોલવું તે મારે સુગ સાચું
વિપ્ર કરે ઘણા લોભના વહાલા, કાન માટે ધગો હું તે રાચુ.
હ્યોજી ભંડાર બહુ કુચીઓ સહીત, વળી માગે હસ્ત મારા રાખે ઘરમાં;
હસ્ત ભંડારને હું શું કરૂ, લોભીયાની નથી જાત મારી,
આગે વિધાતાએ વામન નીરખ્યાઓ, વસ્ત સહેવું મારે બ્રહ્મચારી.
ચેતજે તું બળી શુક કહે છળ પડ્યો, વઇષ્ણુએ વામન ધારી
અશ્વ જગત સમે દાન અવની તણું પાત્ર એવું કયાં મળે મને મોટું
હરી તણા ચરણ ઉપર શીર નામતાં, નાળામાં બ્રમસુત પેઠો ચાળી.
રાણી રૂદય ધરી ઘણું ઘણું રાચજી, નેત્રમાં દરભવી શેર ચાલી;
બાપડો બલીરાય પગ તળે ચાપીયો, ભુપ પાતાળનો કરી થાપ્યો,
નરસઇયો હરી ભકત આધીન છે, ઇંદ્ર અવીચળ અધિકાર આપ્યો;

પ્રભાતીયું ૨૦ મું.

વાસ નહી જ્યાં વઇષ્ણુવ કેરો, ત્યાં નવ વસીયે વાસડીયાં,
શ્વાસો શ્વાસ હરી સ્મરણ કરે, તો શ્વાસ ધરમ કેરી સ્વડીયાં,

ઝુમલડી જપમાળા ન જપે, તો ઉભા ઢાંકી નાગ ખાસડીયાં;
જન્મ તેનો નહી જેમાં ન કહેવામાં ફરિઆ દાસડીયાં,
મોહન માથા પાંખી, અવર માથા જેમ ઢાસડીયાં.
ભણે નરસૈયા બાર ભારી, આપલની દશ સાસડીયાં.

પ્રભાતીયું ૨૧ મું.

શરીર શોધ્યા વિના સાર નહી સાંપડે, પંડીત પણ નહી પામે મોક્ષ.
તાંદુલ મેલીને તુશ્ટીને વળગી રહ્યા, ભુત ન ભાગે એમ ઢાલે થોપે.
રસના સ્વાદમાં સરવ રૂધાઇ રહ્યા, વાગતી ગુરૂજ્ઞાન વીનારે ગુંથે;
વાણી વીલાસમાં વીવીધ વાણી વદે, પરહરી પ્રેમને વળગે ગુંથે,
શબ્દ શીખે ખરો સકળ વિદ્યા ભણે, અધ્યાત્મ ઉચરે આવી ઓઠે,
પ્રપંચ પીંડમાં રહ્યો અહંકાર ન ગયો, આથડ્યો એમ અનંત કોઠે.
શાસ્ત્રકળા કહે રજનીમાં આથડે એમ અજ્ઞાનમાં શીશ ગોઠે.
ભણે નરસઇયો જે ભેદ જાણી જાગ્યો, મેં તો રચી કહ્યું પદ ચોથે.

પ્રભાતીયું ૨૨ મું.

વનચર વીરા વધામણી, કહેને ક્યાં થકી આવ્યો;
આરે મુદ્રિકા શ્રી રામની, ક્યાં થકી લાવ્યો. વનચર.

આરે મુદ્રિકા શ્રીરામની, કોઇને જોવા ન જડતી,
તે તારે હાથ આવી ચઢી, તુને કળ નથી પડતી, વનચર.

બોલજ બોલને બાંધવા, સાચી સંભળાવ વાત;
જ્વાળા ઓલાવજે જાનકી, કુશળ રઘુનાથ, વનચર.

કોપ કરી મારે કંથજી, કેમ હાથે ન મારી,
કપુર લઇ આલ્યું કાગને, મારે ભાલે વિભોરી. વનચર.

નાથ નમેરા કેમ થયા, કઇકા કઠણ કીમાં;
સતીને મેલીને સાધુ થયા, સુણે મુનિવર દીઠાં. વનચર.

જોગ લીધો બે બંધવે, બેઠા આસનવાળી;
આપીત થયા સહુ દેખતાં, દીધાં ઉપવીત બાળી વનચર.
આજકાલ રાયજી આવશે, તેતો અબળા ઉગારશે,
નાથ વિયોગે ટળવળી, નારી નીસ્ચે મરશે.
પંથ ન્યાળતી નેતરો ગાળ્યાં, કરમનો પાર ન આવ્યો;
રણછોડના સ્વામીને જઈ કહેજો, પ્રીતીયે સંદેશો કહાવ્યો વનચર.

પ્રભાતીયું ૨૩ મું.

હસીને બોલ્યા હનુમાનજી, માતા આજ્ઞા પામું;
કહો તો રાવણને રોળાવું, કહો તો લંકા પ્રજાળું; હસીને.
કહો તો રાક્ષસના કુળને, ખરી ખાંતેથી ખાવું.
કહો તો ખાંધે બેસારીને, પેલી પાર લેઈ જાઉં. હસીને.
સાચું માનો મારી માતાજી, કશી ચીંતા ન કરીયે;
સાચે મન કરી સાધવી, ધ્યાન ધણીનું ધરીયે. હસીને.
એ આવે રૂડા રામજી, ટાળવા દુઃખ તારું;
શુદ્ધ કહેવા મને મોકલ્યો, કહ્યું માનજો મારું. હસીને.
રામ લક્ષમણ આરોગ્ય છે, સમાચાર છે સાર;
મારી માતનું દુઃખ જોઇને, આવે આંસુની ધાર. હસીને.
આ આપે રઘુનાથજી, જાણીને જોગ પ્રાયા;
સજ રાવણને મારશે, ગુણ રણછોડે ગાયા. હસીને.

પ્રભાતીયું ૨૪ મું.

શેઠ કીધા હવે શામળો, જેણે મહા ધન આપ્યું;
નાણું ખરું હરી નામનું, ત્રણ લોકમાં ચાલ્યું. શેઠ.
અવર વેપાર ઉપાડીયે, કાઢી કરમની કોઠી,
લક્ષ ચોરાશીમાં જોઇ વળ્યો, ખટખટ સહુ ખોટી. શેઠ.

મોહ મસ્ત બે ટીલવા, મન ગમતારે મહાલે;
કહ્યુંરે કોઇનું નવ કરે, બેઠા ઘર ઘાલે. શેઠ.
કામને ક્રોધ મંત્રી મલ્યા, તેને મુકીને વાલી;
તે મમતારે લાવીઆ, તેને મુકીતે સાહી. શેઠ.
ઋજુ ભેદ તો છે છોકરા, થઇ બેઠા છે મોભી;
હાગીનો બાલ્યો દુકાનમાં, કોણુ રાખે છે થોભી. શેઠ.
દરખ શોકની હુંડી કરી, માંહી મનતારે મોડા,
નાહોતર વધી ગયો, પછે આવ્યો છે ટોટો. શેઠ.
વ્યાજ કુલ્યું વહીયાતનું, ખાતું નવ જોયું;
મેળ ન કાડ્યો મ્રત્યુનો; પછી આપ વગોવ્યું. શેઠ.
વીમો લુટાણો વાટમાં, વળ પીછેરે વાળી;
અંગુઠીયા અહંકારનાં, ગુડીમાં વચ્ચુ પાણી; શેઠ.
આથાને પોથી જે હતી, સરવે ખોઇ બેઠા;
જમરે આવ્યારે જ્યારે લુટવા, નાસી ઘરમાંરે પેઠા. શેઠ.
અંતે ન જાગો આશરો, ભ્રમ આગળ ન ચાલ્યું;
નવરે હારે નાટા ફરે. સાથે કોય ન આવ્યું. શેઠ.
નોકર સરવે નાસી ગયા, શેઠ એકલાને સાહ્યાં,
લખોપતી તેણુ કહી, સરગે મંત્રીને વાહ્યાં. શેઠ.
લાખ લેખાંતો લોભાણાં, જર ન મળે જરીકે;
પુન્ય પાપની કોથળી, હાલી રહીરે ઓશીકે. શેઠ.
ચિત તણારે જે ચોપડા, છેને શુકયારે જોઇ;
પાના છે પ્રપંચના, તેને નાંખ્યારે ધોઇ. શેઠ.
ચતુર હોય તે ચેતજો ચીતે અકલેરે બેસી;
નર કોઇ જીતી ગયા નહી, આ વણજમાંરે પેસી. શેઠ.

સોધી કાઢી સાચા શેઠને, વેપાર વધારશો;
લેખુરે ચોખુ બાપનું, આલીને પરવશ્યો. શેઠ.
નીરભે થઇ નાખ્યું કર્યું, ઢાંક્યુરે દેવાળુ;
કહે માંડણ હવે નહી કરૂં. ધોળા ઉપર કાળુ. શેઠ

પ્રભાતીયું ૨૭ મું.

નારાયણનું નામજ લેતાં વારે તેને તજીએરે;
મનસા વાચા કરૂણા કરીને, લક્ષ્મીવરને ભજીએરે.
કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપરે.
ભગતની શુત દારાને તજીએ, જેમ તને કુંચુકી સાપરે. ના.
પ્રથમ પિતા પ્રલ્હાદને તજ્યા, નવ તજ્યા હરીના નામરે;
ભરત શતરૂઘને તજીરે જનેતા, નવ તજ્યા શ્રી રામરે. ના.
રૂષિ પત્ની શ્રી હરીને કાજે, તજ્યા નીજ ભરથારરે;
વ્રજ વનીતા વીઠલને કાજે, ગવે તજી વન ચાલી,
ભણે નરસઇયો વંદ્રાવનમાં, મોહન સાથે મહાલીરે. ના.

પ્રભાતીયું ૨૮ મું.

જ્યાં લગી આતમ તત્વ ચિન્યો નહી. ત્યા લગી સાધના સર્વે જુઠી,
મનુષાદેહ તારો એમ એળે ગયો, ભાવકની જેમ વ્રષ્ટી રૂઠી. જ્યાં
શું થયું સ્નાન સ્હેવા થકી, શું થયું ઘેર રહી દાન દીધે,
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચન કીજે,
શું થયું તપતે તીરથ કીધા થકી, શું થયું માલા ગ્રહી નામ લીજે
શું થયું તીલકને તુળશી ધર્યા થકી, શું થયું ગંગાજળ પાન પીધે
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયુ વરણના ભેદ જાણે. જ્યાં
એક પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમરામ પરીબ્રહ્મ ન હોએ

ભણે નરસઇયો કહે તત્ર દરશન વીના રત્ન ચીંતામણી જન્મ ખોયો.

પ્રભાતીયું ૨૯ સું.

આ સુખે સુતો સંસાર શ્રીનાથને હાથ તે હરી વીના કેણ સહાવે,
માતને તાત સુત ભ્રાત ટોળે મળ્યા, દોહલી વેળા તે દુર જાએ. આ.
ઉંધે મસ્તકે હતો ઉદ્ર નવ માસની, ભક્તિ કરી ભગવાન કેરી;
અવતરી પાસ બંધાયો માયા તણો લંપટી લાલચે લીધો ઘેરી,
દીવસે ચોહટ ભટકતા રાત નિંદ્રા વિષે, સ્વપ્નમા તાભજે મોહી માયા;
પલક પરવાર નહી હરીને ભજવા તણો, જ્યા લગી જીવ સંજોગ કાયા,
ધન પામે કરી મોહી રહ્યા લોભીયા, વેદના વિશ્વ ની ગરથ કેરી.
નાથ ત્રીલોકના હરીને નં ભાળીયા, જ્યારે રાખ્યો તો જઠરાગ્નિમાં ઘેરી
જાગ્રતે જનડા વાજ આવ્યા ઘણો, કેટલો એક પ્રતિબોધ દીજે,
નરસૈના સ્વામીને નીત્ય સભારતા, દેહના દુર દુકત કીજે,

પ્રભાતીયું ૩૦ સુ.

મારા નાથજી મુકાને ભકતી દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો,
ભક્તિ આપી ભલા ભાવથી ભુધરા, અંત આવી અહોનીશ રહેજો,
ભક્તિ કારણ મારો દેહ દુરબળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાય.
આજ મન સાથ જદુનાથ જો વીસરે, વળતી વસે મારી કોણ થાય;
કરમ કથા કરી પ્રાણુ ચારે ભરી, નાસવા નીસરયો નામ બારી,
કૃષ્ણ કીરતન વિના દેહ જાએ, વરષા જેમ રહે જીગઉ દુખ ભારી.
ભવ વિષે બુડતા વાહરને ખુમ નહી બાંહ્ય ગ્રહી મુજને કોણ રાખે;
અલ્પ આયુષ્યમાં કલ્પ મનુષ્ય, આજ કીધુ વળી કામ કરને.
શ્વાસનો કોઇ વિશ્વાસ સહી આ સમે, આશ અધુરી એમ મરવું;
ઉત્તમ મધ્યમ મરણ ગુ વીરલા, પ્રગટ પ્રભુરે દરશન પમાડો;
નરસઇયો કહે છે ટેક કરૂણા કરી, દીન બંધુ વળ્યો આડ આડો.

પ્રભાતીયું ૩૧ મું.

મુજ અબળાને મોટીરે મીરાંબાઇ, સાંભળો ધરેણું મારે સાચું રે;
વાળી ઘડાવું વીઠ્ઠલ વર કેરી, હાર હરીના મારે હઇએ,
ચીતમાળા ચતુરભુજ ચુડલો, શીદ સોની ઘેર જઇએ. મુ.
ઝાંઝરીયા જગજીવન કેરાં, કૃશ્ન કલ્લાં ને કાંબીરે;
વીંછવા ઘુઘરા રામનારણની, અણવટ અંતર જામીરે. મુ.
પેટી ઘડાવું પુરૂષોતમ કેરી, ત્રિકમ કેરૂં તાળું રે;
કુંચી કરાવું કરૂણાનંદ કેરી, ...ં ધરેણું મારૂંરે. મુ.
સાસરવાસો સજીરે બેઠી, ... નથી કોઇ કાળે;
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર ... ગુણ ... ને ચરણે જાચુંરે. મુ.

પ્રભાતીયું ૩૨ મું.

સાધુ સાચે ભજો ચરણ ગોવીંદના, માનવી દેહ તત્વ કહીએ;
કૃશ્ન કહી કૃશ્ન કહો વળી કૃષ્ણ કહી, કૃષ્ણ કહેતાં સુખ લઇએ,
કરપણ સેવા તજી અવર ઇચ્છા કરે, મુઢ મતી માનવી કાંઇ ન જાણે,
કૃષ્ણનું નામ રખે હૃદયથી વીસરે ધન્યમાં ધન્ય એ કૃષ્ણને પ્રણામ.
જેને જોવા મહા મુનીજ વન ભમે; વીઠલો વનમાં ગાયો ચારે,
ભણે નરસઇયો જે ચતુર નર તે ખરો, અહર્નીશ શ્રી કૃષ્ણ ધારે;
સાકર સાકર સાકર શામળા સનમુખ આવીને જુઓને આજ.
હું અમો નાગરા ... લઇ બોલશું, લોપશું ત્રીકમ તારી લાજ,
...ળમાંથા તું મલપતો કામણી, આહીર નીત લેતો ચોરી,
ચંચળ નેણશું મુખ નથી બોલતો, હવે અમે લાજ બોઇશુંજ તારી.
... પેરે ... પીને લાડ ... વીયાં, અન્ન આહીરપે જોતો ચાખી;
નટવર વેશ થઇ ભોગ લીલા કરે, નરસઇયા સંગથી શોચી રાખી;

સમાપ્ત.

ભાગ્યનો પારસ.

જ્ઞાનનો ભંડાર, સદાચારનો સાગર, અહિંસાની અનુપમ આરસી, સદબુદ્ધિ માટે સદબોધક ધર્મની ઢાલ, નીતિનું રહસ્ય, અને સારાંશમાં પવિત્ર જીવન પસાર કરવાનો પાઠ શીખવનારૂં આ પુસ્તક છે.

સુપ્રસિદ્ધ પુસ્તકનો સુંદર સાર આ પુસ્તકમાં સમજાવ્યો છે.

સ્વધર્મને ચાહનારા જનો માટે આ પુસ્તક અત્યંત પ્રિય છે.

ઉપર પૃષ્ઠનું દળદાર ઊંચા ગ્લેઝ કાગળ પર સુંદર છાપેલું અને કપડાના પાકા પુઠાનું આ પુસ્તક છે,

કીંમત રૂા. બે પાઇ જુદું

મળવાનું ઠેકાણું:—

બુકસેલર લલ્લુભાઈ નારણદાસ

લીમડાચોક:—**સુરત.**